પોલીસ કમિશ્નરની કચેરી, અમદાવાદ શહેર.
શાહીબાગ, અમદાવાદ
વિશેષશાખા, કચેરી ટેલીફોન નં-૦૭૯૨૫૬૩૩૪૦૦
Email:Spl1-ahd@gujarat.gov.in

GUJARAT POLICE

## :- જાહેરનામું :-

ફોજદારી કાર્યરીતી અધિનીયમ સને-૧૯૭૩(૧૯૭૪ ના નં-૨)ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ
ક્રમાંક: વિશેષ શાખા/ 'એ' સેકશન/પરમીટ/ઓટો રીક્ષા/કેબ/ટેક્ષી /૧૦૯ /૨૦૨૩ તા.૩૦/૦૯/૨૦૨૩

અમદાવાદ શહેર ઔધોગિક રીતે વિકસીત શહેર છે. જેથી શહેરમાં માર્ગો મારફતે જાહેર જનતાની અવર જવર મોટા પ્રમાણમાં થતી રહે છે. શહેરમાં આવતા જતા મુસાફરો ઓટો રીક્ષા/કેબ/ટેક્ષીનો બહોળો ઉપયોગ કરે છે. ભુતકાળમાં ઓટો રીક્ષા/કેબ/ટેક્ષીમાં મુસાફરી કરતા નાગરીકો સાથે છેતરપીડી, ખીસ્સા કાતરવા, મોબાઇલ ચોરી અન્ય કિમતી સામાનની ચોરી, ચીલઝડપ, લુંટ/ધાડ, મહીલા/બાળકોની છેડતી અને અપહરણ જેવા ગંભીર પ્રકારના બનાવો બનવા પામેલ છે. આવા બનાવોમાં ભોગ બનનાર નાગરીકો ઓટો રીક્ષા/કેબ/ટેક્ષીના નંબર જાણતા નહી હોવાના કારણે ગુન્હાઓ વણશોધાયેલ રહે છે.

૨. તાજેતરમાં શહેરના સોલા વિસ્તારમાં મધ્યરાત્રી દરમિયાન ટેક્ષીમાં મુસાફરી કરી રહેલ રાહદારીને ડરાવી ધમકાવી લૂંટવા બાબતેનો બનાવ બનતા આ અંગેનો ગુન્હો સોલા પોલીસ સ્ટેશન ખાતે દાખલ થયેલ છે. તેમજ આ બનાવ બાબતે નામ.ગુજરાત હાઇકોર્ટ દ્વારા SUO-MOTU Writ Petition (PIL) No. 97 of 2023 થી આ બાબતે સંજ્ઞાન પણ લીધેલ છે. આ રીટ પીટીશનના કામે નામ.ગુજરાત હાઇકોર્ટ દ્વારા સક્ષમ ઓથોરીટીની ત્વરિત મદદ મળી રહે તે સારૂ ઓટો રીક્ષા/કેબ/ટેક્ષીના ચાલકની સીટના પાછળના ભાગે હેલ્પ લાઇન નંબર લખવા બાબતેના મુદ્દા પણ ઉભા થયેલ હતા.

3. ઉપરોક્ત હકિકતો અને સૂચનો ધ્યાને લેતાં,અમદાવાદ શહેરની હદ વિસ્તારમાં ચાલતી તમામ ઓટો રીક્ષા/કેબ/ટેક્ષીમાં મુસાફરી કરતાં મુસાફરો સહેલાઇથી જોઇને વાંચી શકે તે રીતે વાહન ચાલકની સીટની પાછળના ભાગે વાહન નંબર, વાહન માલિકનું નામ તેમજ અમદાવાદ શહેર પોલીસ કંટ્રોલના નંબરો અને હેલ્પ લાઈન નંબરો ફરજીયાતપણે ઓઇલ પેઇન્ટ કે કાયમી માર્કર પેન દ્વારા (એક વાર લખ્યા પછી ભુસાંય નહી તે પ્રકારનું લખાણ) લખવા, એ બાબતેનું જાહેરનામું બહાર પાડવાની જરૂર જણાય છે. (વાહન ચાલકો અમુક સમયે બદલાતા હોવાથી વાહન ચાલકનું નામ ભુસી શકાય તેવી સ્કેચ પેનથી લખવુ)

૪. જેથી ઉપરોક્ત જણાવેલ વિગતો ઓટો રીક્ષા/કેબ/ટેક્ષીના વાહન ચાલકની સીટ પાછળ દર્શાવવાથી લોકોના જાન અને સલામતીને થતુ જોખમ નિવારવા અને લોકોને સુરક્ષા પ્રદાન કરવાના હેતુસર જાહેરહિતમાં હું, જી.એસ. મલિક, IPS, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, મને મળેલ ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ (૧૯૭૪ના નં.૨)ની કલમ-૧૪૪ અંતર્ગતની સત્તા અન્વયે નીચે મુજબની બાબતોનો તમામ ઓટો રીક્ષા/કેબ/ટેક્ષીના ચાલક તથા માલિક દ્વારા પાલન થાય તે માટેનો હુકમ કરૂ છું.

## -: હુકમ :-

અમદાવાદ શહેરમાં ઓટો રિક્ષા/ટેક્ષી/કેબનું સંચાલન કરતા ઓટો રિક્ષા/ટેક્ષી/કેબનાં ચાલકે/ માલિકે વાહનમાં પેસેન્જર બેસવાની જગ્યાથી નજર સામે સ્પષ્ટ દેખાય તે રીતે વાહન ચાલકની સીટની પાછળના ભાગે અંગ્રેજી ભાષામાં વાહન નંબર, વાહન માલિકનું નામ, વાહન ચાલકનું નામ તેમજ અમદાવાદ શહેર પોલીસ કંટ્રોલના નંબરો અને હેલ્પ લાઈન નંબરો ૧૨ ઈંચ×૧૦ ઈંચની સાઈઝના બોર્ડ ઉપર આશરે ૧૩ m.m. એટલે કે કોમ્પ્યુટરની ૫૦ ની ફોન્ટ સાઈઝ તથા રજીસ્ટ્રેશન માહિતી નંબરની વચ્ચેની જગ્યા (સ્પેસ) આશરે ૩૦ m.m. ની રાખી ફરજીયાતપણે ઓઇલ પેઇન્ટ કે કાયમી માર્કર પેન દ્વારા (એક વાર લખ્યા પછી ભુસાંય નહી તે પ્રકારનું લખાણ) નીચે મુજબનું લખાણ લખવાનું રહેશે. (વાહન ચાલકો અમુક સમયે બદલાતા હોવાથી વાહન ચાલકનું નામ ભુસી શકાય તેવી સ્કેચ પેનથી લખવુ)

**Vehicle No. :**
**Owner's Name :**
**Driver's Name :**
**Police helpline No. : 100**
**Women helpline No. : 181**
**Traffic helpline No. : 1095**

## -: લખાણ કરવા માટેનો સમયગાળો :-

ઓટો રીક્ષા/ટેક્ષી/કેબના માલિકે વાહનોમાં ઉપર જણાવ્યા મુજબનુ લખાણવાળુ તા.૦૧/૧૦/૨૦૨૩ થી તા.૩૧/૧૦/૨૦૨૩ સુધીમાં વાહન ચાલકની પાછળની સીટ પર બોર્ડ લગાડવાની કાર્યવાહી વાહનના માલીક/ચાલકે ફરજીયાતપણે પૂર્ણ કરી દેવાની રહેશે.

## -: જાહેરનામાની અમલવારીની વિગત :-

આ જાહેરનામાનો અમલ ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ (૧૯૭૪ના નં.૨)ની કલમ-૧૪૪ની જોગવાઇ હેઠળ મહત્તમ સમયમર્યાદાને આધિન બે માસ માટે એટલે કે તા.૦૧/૧૦/૨૦૨૩ ના રાત્રી કલાક ૦૦/૦૦ થી તા.૩૦/૧૧/૨૦૨૩ ના કલાક ૨૪/૦૦ સુધીનુ રહેશે. તા.૦૧/૧૧/૨૦૨૩ થી અધિકૃત કરેલ પોલીસ અધિકારી/કર્મચારીઓ દ્વારા જાહેરનામા ભંગની ફરીયાદ નોંધવાની કાર્યવાહી કરવાની રહેશે.

## -: જાહેર વિજ્ઞાપન :-

તમામને વ્યકિતગત રીતે નોટીસોની બજવણી કરવી શક્ય ન હોઇ આથી એકતરફી હુકમ કરૂ છું. જાહેર જનતાની જાણ સારૂં તેવી જાહેર જગ્યાઓએ નકલ ચોંટાડી તેમજ અમદાવાદ શહેર પોલીસના તમામ Social media એકાઉન્ટસ(ફેસબુક,એક્સ,ઈન્સ્ટાગ્રામ) તથા અમદાવાદ શહેર પોલીસની વેબસાઈટ ઉપર તથા સ્થાનીક વર્તમાન પત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધિ દ્વારા તથા પોલીસ સ્ટેશનનાં સિનિયર પોલીસ ઇન્સ્પેકટર, મદદનીશ પોલીસ કમિશનર, નાયબ પોલીસ કમિશનર તેમજ પોલીસ

કમિશનર કચેરીના નોટીસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવામાં આવશે. ગુજરાત પોલીસ એક્ટ કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આ જાહેરનામાના આદેશોનું ઉલ્લઘંન કરનાર ઇસમ ભારતીય ફોજદારી ધારા કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતા અનાર્મ હેડ.કોન્સ.અને તેનાથી ઉપરના દરજ્જાના તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ઇ.પી.કો. કલમ ૧૮૮ મુજબ ફરિયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૨૯/૦૯/૨૦૨૩ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

29/9/23
(જી.એસ.મલિક)
પોલીસ કમિશનર
અમદાવાદ શહેર

<u>નકલ સવિનય રવાના :</u>

(૧) અગ્ર સચિવશ્રી,ગુજરાત રાજય,ગાંધીનગર, ગુજરાત સરકાર

(૨) અધિક મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજય, ગૃહ વિભાગ, ગાંધીનગર

(૩) પોલીસ મહાનિદેશક અને મુ.પો.અધિ.શ્રી, ગુ.રા.ગાંધીનગર

(૪) અધિક પો.મહાનિદેશકશ્રી (ઈન્ટે.) ગુ.રા.ગાંધીનગર

(૫) પોલીસ કમિશ્નરશ્રી, સુરત,વડોદરા,રાજકોટ શહેર

(૬) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી,અ.મ્યુ.કો., અમદાવાદ શહેર

(૭) નાયબ મ્યુનિસિપલ કમિશ્નરશ્રી,દાણાપીઠ,અમદાવાદ શહેર

(૮) કલેકટરશ્રી,અમદાવાદ શહેર

(૯) નિયામકશ્રી,માહીતી ખાતું,ગુ.રા.ગાંધીનગર

(૧૦) સંયુકત માહીતી નિયામકશ્રી, બેરેક નં-૦૩,આંબાવાડી પોલીટેકનીક,અમદાવાદ શહેર

(૧૧) રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, ગુ.રા.ગાંધીનગર

(૧૨) રજીસ્ટ્રારશ્રી, સીટી સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર

(૧૩) રજીસ્ટ્રારશ્રી, સેશન્સ કોર્ટ, અમદાવાદ (ગ્રામ્ય), મીરઝાપુર, અમદાવાદ

(૧૪) ચીફ મેટ્રોપોલીટેન મેજીસ્ટ્રેટશ્રી, અમદાવાદ શહેર

(૧૫) મુખ્ય સરકારી વકીલશ્રી, સીટી સેશન્સ કોર્ટ, ભદ્ર, અમદાવાદ શહેર

(૧૬) સંયુકત/અધિક પોલીસ કમિશ્નરશ્રી,વિશેષ શાખા, સેકટર-૧,સેકટર-૨,મુખ્ય મથક,ટ્રાફિક,ક્રાઈમ બ્રાન્ચ ,અમદાવાદ શહેર

(૧૭) મેનેજરશ્રી, ગર્વમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા તરફ ગેઝેટ ભાગ-૦૧ માં પ્રસિધ્ધ કરવા સારૂ.

(૧૮) તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રીઓ,અમદાવાદ શહેર

(૧૯) નાયબ પોલીસ કમિશ્નરશ્રી (ઈન્ટે.) અમદાવાદ શહેર

(૨૦) તમામ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ,અમદાવાદ શહેર

(૨૧) જનસંપર્ક અધિકારીશ્રી, (સ્થાનિક વર્તમાનપત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર ઉપરથી જાહેરાત કરવા સારૂ)

(૨૨)તમામ પો.ઈન્સ.શ્રીઓ, અમદાવાદ શહેર (જાહેર જગ્યાઓએ નકલો ચોંટાડી લાઉડ સ્પીકર વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂં)ન

(૨૩) પો.ઈન્સ.શ્રી, રેલ્વે એસ.ઓ.જી, કાલુપુર રેલ્વે સ્ટેશન, અમદાવાદ શહેર

(૨૪) પો.ઈન્સ.શ્રી, અમદાવાદ રેલ્વે સ્ટેશન.

(૨૫) પો.ઈન્સ.શ્રી, સાબરમતી રેલ્વે સ્ટેશન.

(૨૬) પો.ઈન્સ.શ્રી, કોમ્પ્યુટર શાખા, પોલીસ કમિશ્નરશ્રીની કચેરી (C.P Ahmedabad website ઉપર પ્રસિધ્ધ કરવા સારૂં

(૨૭) મ.પો.કમિ.શ્રી સાયબર ક્રાઈમ, અમદાવાદ શહેર પોલીસના તમામ Social Media પ્લેટફોર્મ પર પ્રસિધ્ધ કરવા સારૂં.